Sunday
23.06.2024
✳Volume :8 ✳ Issue No.333
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳ Rs. 00.25/- ✳Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીનાં ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટનાં ટર્મિનલ-૩ ખાતે 'ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન – ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ'નું ઉદઘાટન કર્યું

એફટીઆઈ-ટીટીપી દેશના ૨૧ મોટા એરપોર્ટ પર શરૂ થશે, પ્રથમ તબક્કામાં દિલ્હી એરપોર્ટની સાથે ૭ મોટા એરપોર્ટ - મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, બેંગલુરુ, હૈદરાબાદ, કોચી અને અમદાવાદ ખાતે લોન્ચ કરવામાં આવશે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીનાં ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટનાં ટર્મિનલ-૩ ખાતે 'ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન – ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ'નું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ સચિવ અને અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતુંકે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન–ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ (FTI-TTP) એ ભારત સરકારની એક દૂરંદેશી પહેલ છે, જે વિચારપૂર્વક તૈયાર કરવામાં આવી છે. ભારતીય નાગરિકો અને OCI કાર્ડધારકો તેમણે કહ્યું કે આ પહેલ અન્ય દેશોમાંથી આવતા ભારતીય નાગરિકો અને OCI મુસાફરો માટે વધુ સુવિધા પૂરી પાડશે. આ કાર્યક્રમની શરૂઆત એ Viksit Bharat @2047 માટે નિર્ધારિત મુખ્ય એજન્ડામાંનો એક છે અને તમામ માટે મુસાફરીની સુવિધા અને કાર્યક્ષમતા વધારવાની મોદી સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. શ્રી અમિત શાહે કહ્યું કે આ સુવિધા તમામ મુસાફરો માટે વિનામૂલ્યે ઉપલબ્ધ થશે. તે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે ઝડપી, સરળ અને સુરક્ષિત ઈમિગ્રેશન ક્લિયરન્સ માટે રચાયેલ છે. આ કાર્યક્રમ ઈ-ગેટ્સ અથવા ઓટોમેટેડ બોર્ડર ગેટ પર ચાલશે જે ઈમિગ્રેશન ક્લિયરન્સ પ્રક્રિયામાં માનવહસ્તક્ષેપને ઓછો કરશે. આ કાર્યક્રમ બે તબક્કામાં અમલમાં આવશે. પ્રથમ તબક્કામાં ભારતીય નાગરિકોઅને OCI કાર્ડધારકોને આવરી લેવામાં આવશેઅને બીજા તબક્કામાં વિદેશી પ્રવાસીઓને આવરી લેવામાં આવશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે સ્વચાલિત દ્વાર (ઈ-ગેટ્સ) દ્વારા સ્ક્રીનીંગ કરાયેલા આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે ઝડપી ઈમિગ્રેશન પાથવે દ્વારા વિશ્વ કક્ષાની ઈમિગ્રેશન સુવિધાઓ વિકસાવીને આંતરરાષ્ટ્રીય મુસાફરીને સરળ અને સુરક્ષિત બનાવવાનો છે. એફટીઆઈ-ટીટીપીનો અમલ ઓનલાઈન પોર્ટલ દ્વારા કરવામાં આવશે અને બ્યુરોઓફ ઈમિગ્રેશન આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કેટેગરીના મુસાફરોના ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન માટે નોડલ એજન્સી રહેશે. આ યોજનામાં નોંધણી કરાવવા માટે, અરજદારે તેની વિગતોઅને જરૂરી દસ્તાવેજો સાથે પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરાવવી પડશે. જરૂરી ચકાસણી બાદ ઈ-ગેટ્સના માધ્યમથી 'વિશ્વસનીય ટ્રાવેલર્સ'ની વ્હાઈટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે અને તેને અમલમાં મૂકવામાં આવશે. ઈ-ગેટ્સ પાસેથી પસાર થતા 'ટ્રસ્ટેડ ટ્રાવેલર'ના બાયોમેટ્રિક્સ એફઆરઆરઓ ઓફિસ અથવા એરપોર્ટ પરથી રજિસ્ટર્ડ પ્રવાસી પસાર થાય તે સમયે કેપ્ચર કરવામાં આવશે. ટીટીપી નોંધણી પાસપોર્ટની માન્યતા અથવા ૦૫ વર્ષ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી માન્ય રહેશે અને ત્યારબાદ તેનું નવીકરણ કરવામાંઆવશે. આ પ્રક્રિયા હેઠળ 'રજિસ્ટર્ડપેસેન્જર' જેવોઈ-ગેટ પર પહોંચે કે તરત જ તે પોતાની ફ્લાઈટની વિગતો મેળવવા માટે એરલાઈન્સ દ્વારા ઈ-ગેટ પર ઈશ્યૂ કરવામાં આવેલા તેના બોર્ડિંગ પાસને સ્કેન કરી લેશે. પાસપોર્ટને પણ સ્કેન કરવામાં આવશેઅને ઈ-ગેટ પર પેસેન્જરના બાયોમેટ્રિકને પ્રમાણિત કરવામાં આવશે. એક વખત મુસાફરની અસલી ઓળખ પ્રસ્થાપિત થઈ જાય અને બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન થઈ જાય પછી ઈ-ગેટ આપોઆપ ખૂલી જશે અને ઈમિગ્રેશન ક્લિયરન્સ આપવામાં આવ્યુંહોવાનું માનવામાં આવશે. દેશના ૨૧ મોટા એરપોર્ટ પર FTI-TTP લોન્ચ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં દિલ્હી એરપોર્ટની સાથે જ ૭ મોટા એરપોર્ટ- મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, બેંગલુરુ, હૈદરાબાદ, કોચી અને અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના અમદાવાદમાં રૂ. ૩૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલી ૩૦ સ્માર્ટ શાળાઓનું ઈ-ઉદઘાટન કર્યું

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યોગ અને તેનો જાદુ દુનિયા સુધી પહોંચાડવાનું કામ કર્યું છે



આ ૩૦ સ્માર્ટ સ્કૂલો ૧૦ હજારથી વધુ બાળકોને સીધી નવી શિક્ષણ નીતિનો લાભ આપશે, તેમના જીવનમાં શિક્ષણનો દીપ ફેલાવશે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે ગુજરાતમાં અમદાવાદમાં ૩૦ સ્માર્ટ શાળાઓનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક મહાનુભાવોઉપસ્થિત રહ્યા હતા. શ્રી અમિત શાહે પોતાનાં સંબોધનમાં જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લાવવામાં આવેલી નવી શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦ હેઠળ રૂ. ૩૬ કરોડનાં ખર્ચે ૩૦ સ્માર્ટ શાળાઓ વિકસાવવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, તેમાંથી ૯ સ્માર્ટ સ્કૂલો ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાં, ૧૦ વેજલપુર વિધાનસભા મતવિસ્તારમાં, ૪ નારણપુરાની અને ૭ સ્માર્ટ સ્કૂલો સાબરમતીમાં છે, જેનું આજે ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. શ્રી શાહે ઉમેર્યું હતું કે, આ ૩૦ સ્માર્ટ શાળાઓનાં ઉદઘાટન સાથે ૧૦હજારથી વધારે બાળકોને એનઈપીનો સીધો લાભ મળશે તથા તેમનાં જીવનમાં જ્ઞાન અને શિક્ષણનો દીપ પ્રસરશે. શ્રી શાહે જણાવ્યું હતું કે, ગાંધીનગર લોકસભા મતવિસ્તારની કુલ ૬૯ શાળાઓમાંથી ૫૯શાળાઓ સ્માર્ટ સ્કૂલ બની છે અને બાકીની શાળાઓને ટૂંક સમયમાં અપગ્રેડ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, આ સ્માર્ટ શાળાઓનાં અભ્યાસક્રમમાં કૌશલ્ય વિકાસ, વ્યાવસાયિક તાલીમ, ડિજિટલ સશક્તિકરણનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે મેથેમેટિક્સ, સાયન્સ લેબોરેટરીઝ, ફ્યુચર ક્લાસરૂમ, થ્રી-ડી એજ્યુકેશનલ ચાર્ટ્સ, થ્રી-ડી પેઈન્ટિંગ અને ભારતીય સંસ્કૃતિના અન્ય ઘણા પાસાઓની પ્રેક્ટિસનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રીઅમિત શાહે જણાવ્યું હતું કે, આજે તેઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી બાદ પ્રથમ વખત ગૃહમંત્રી અને ગાંધીનગરના નવા સાંસદ તરીકે ગુજરાત આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, અહીંની મુલાકાત દરમિયાન સમાજનાં નીચલા અને ગરીબ વર્ગનાં બાળકોનાં કલ્યાણ માટે તેમનો પ્રથમ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, ગાંધીનગર લોકસભા મતવિસ્તારનાં લોકોનાં સાંસદ તરીકે સાથસહકાર આપવા બદલ તેઓ હંમેશા ઋણી રહેશે. તેમણે જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષ સુધી તેઓ ગાંધીનગરને દરેક ક્ષેત્રમાંપ્રગતિ અને વિકાસની ખાતરી આપતું સૌથી વિકસિત સંસદીય ક્ષેત્ર બનાવવા માટે કટિબદ્ધ રહેશે. શ્રી અમિત શાહે યાદ કર્યું હતું કે, ૧૦ વર્ષ અગાઉ વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (યુએનજીએ)માં ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાની દરખાસ્ત રજૂ કરી હતી. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આ પ્રસ્તાવને દુનિયાના લગભગ ૧૭૦ દેશોએ સમર્થન આપ્યું અને છેલ્લા ૧૦ વર્ષથી, દર વર્ષે ૨૧ જૂને આખું વિશ્વ યોગની ઉજવણી કરે છે, જે આપણા ઋષિ-સંતોની ભેટ છે. તેમણે કહ્યુંહતું કે, દુનિયાનાં લાખો લોકોએ યોગને પોતાની જીવનશૈલીનો હિસ્સોબનાવ્યો છે. કેન્દ્રીયગૃહમંત્રીએ કહ્યું કે, આપણા ઋષિમુનિઓએ યોગ દ્વારા ધ્યાન, આસન અને પ્રાણાયામની મૂર્ત પ્રવૃત્તિઓ દ્વારા વ્યક્તિના શરીર, મન અને આત્માનું ઈશ્વર સાથે જોડાણ સ્થાપિત કરવાનો વૈજ્ઞાનિક માર્ગબતાવ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આપણા મનની અંદર અપાર શક્તિઓના મહાસાગરમાં ડૂબકી લગાવવાનું એકમાત્ર માધ્યમ યોગ છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યોગ અને તેની શક્તિઓનો સમગ્ર વિશ્વમાં પ્રચાર કર્યો છે. તેમણે કહ્યું હતું કે, સમગ્ર પૃથ્વીપર ૨૧જૂને જ્યાંપણ સૂર્યનો ઉદયથાય છે, ત્યાંરહેતાલોકોયોગ દ્વારા પોતાના મન, શરીર અને આત્માને જોડવાનુંકામ શરૂ કરે છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય યોગદિવસનાંપ્રસંગે આપણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરવો જોઈએ કે તેમણે યોગનાંમાધ્યમથી સમગ્ર વિશ્વનાં કલ્યાણનો માર્ગ મોકળો કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત સરકારે પણ યોગને પ્રોત્સાહન આપવા માટે અનેક પ્રયાસો કર્યા છે અને અનેક કાર્યો કર્યાછે જેમકે, બોર્ડનીરચના કરવી, શૈક્ષણિક અભ્યાસક્રમમાં સ્થાન આપવું વગેરે.

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ એ ઉદગમચેરીટેબલ દ્વારા આયોજિત જરૂરિયાતમંદ બાળકોને નોટબુક સહિત અન્ય અભ્યાસલક્ષી સામગ્રીઆપવાના કાર્યક્રમમાંસરકારી પ્રાથમિક શાળા, સેક્ટર ૩૦ ખાતેહાજરી આપી. ઉદ્દગમ ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૨૫વર્ષથી બાળ અને મહિલા ઉત્કર્ષ માટે અનેક સેવા કાર્યો કરે છે. આ અવસરે મેયરશ્રી એ મયુરભાઈ જોશી સહિત તેમની ટીમને અભિનંદન પાઠવ્યા તેમજ બાળકોને ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં પક્ષના નેતાશ્રી અનિલસિંહ વાઘેલા, કાઉન્સિલરશ્રીઓ તેમજ હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

સંતરામપુર ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં ભારતીય જનતા પાર્ટીનો જંગી બહુમતીથી વિજયી થવાબદલ નવ નિયુક્ત સાંસદ આદરણીય શ્રી જશવંતસિંહ ભાભોર સાહેબ તથા ૧૨૩ સંતરામપુર વિધનસભાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ આદિજાતિ અને શિક્ષણ મંત્રીશ્રી આદરણીય શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબ તથા મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતમાં ૧૨૩ સંતરામપુર વિધાનસભાના કાર્યકર્તાઓનો આભાર દર્શન સન્માન સમારોહ નગર પાલિકા ટાઉન હોલ ખાતે યોજવામાં આવ્યો. આ પ્રસંગે દાહોદ લોકસભાના સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર સાહેબ, ૧૨૩ સંતરામપુર વિધનસભાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ આદિજાતિ અને શિક્ષણ મંત્રીશ્રી આદરણીય શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબ, જિલ્લા પ્રમુખ શ્રી દશરથભાઈ બારિયા, મહામંત્રી શ્રી રાવજીભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ, આચાર્ય સંઘના પ્રમુખ શ્રી જે. પી. પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ વળવાઈ અને શ્રીમતી મંગુબેન, પૂર્વ જિલ્લા પ્રમુખ શ્રીમતી રમીલાબેન ડામોર, પૂર્વ ધારાસભ્ય શ્રી ડૉ. માનસિંહ ભમાત, લોકસભાના ઈન્ચાર્જ શ્રી શાંતિલાલ પટેલ, લોકસભાના ચંદ્રેશભાઈ ત્રિવેદી, તાલુકા મંડળના પ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલીયા, જેન્તીભાઈ પટેલ, મહામંત્રી શ્રી છગનભાઈ માલ, કે. પી. ડામોર, નગર સંગઠન પ્રમુખ શ્રી સંદિપભાઈ ભોઈ, મહામંત્રી શ્રી નિતિનભાઈ રાણા, માનગઢના મહંત શ્રી રતનભાઈ મહારાજ, જિલ્લા તેમજ તાલુકા સંગઠનના હોદ્દેદારોશ્રીઓ, જિલ્લા પંચાયતના સભ્યોશ્રીઓ, તાલુકા પંચાયતના સભ્યોશ્રીઓ, શક્તિ કેન્દ્રના સંયેજકશ્રીઓ, સરપંચશ્રીઓ, બુથ પ્રમુખશ્રીઓ, પેજ પ્રમુખશ્રીઓ, સામાજિક આગેવાનો, તમામ મોરચાના હોદ્દેદારો, સિનિયર કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં ઉત્તીર્ણ થયેલાં સમગ્ર રાજ્યના સફાઈ કામદારો અને તેના આશ્રિત બાળકોને ઈનામ અને પ્રશસ્તિ પત્રથી પ્રોત્સાહિત કરવાની યોજના અમલી છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪માં ધોરણ ૧૦માં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીને અનુક્રમે રૂ.૪૧,૦૦૦, રૂ.૨૧,૦૦૦ અને રૂ.૧૧૦૦૦ આપવામાં આવશે. ઉપરાંત ધોરણ ૧૨માં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીને અનુક્રમે રૂ.૩૧,૦૦૦, રૂ.૨૧,૦૦૦ અને રૂ.૧૧૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ યોજનાનો લાભ લેવા માટે કોઈ આવક મર્યાદા રાખવામાં આવી નથી. આ યોજનાનો લાભ લેવા માટે વિદ્યાર્થીઓએ માત્ર સફાઈ કર્મચારીના આશ્રિત હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર તેમજ માર્ચ/એપ્રિલ - વર્ષ ૨૦૨૪ની માર્કશીટની નકલ રજુ કરવાની રહેશે. આ યોજનાનો લાભ લેવા માટેની અરજી પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. અરજદારે તા. ૧૫ જુલાઈ સુધીમાં રૈજ://જિદ્દદ્દદ્દદ્દ્ક્ષઅદ્દહ.પ્લૈદ્દદ્દિ.ર્પ્દ્દૈ.હ વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ જાણકારી માટે નાયબ નિયામકશ્રી અનુજાતિ કલ્યાણ કચેરી ૬/૧ બહુમાળી ભવન, રેસકોર્ષ પાસે રાજકોટનો સંપર્ક સાધવાનો રહેશે.

સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ ખાતે બી. ટેક. મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટની ૨૦૨૪ની બેચના વિદ્યાર્થીઓના ૧૦૦% પ્લેસમેન્ટનો રેકોર્ડ

કમલમ્ ન્યુઝ,

સમગ્ર ઉત્તર ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવી સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંચાલિત સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ ખાતે તાજેતરમાં બી. ટેક. મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટના ૨૦૨૪ની બેચના વિદ્યાર્થીઓનું ૧૦૦% પ્લેસમેન્ટ થયેલ છે. અમને એ જણાવતા આનંદ થાય છે કે, વર્ષ ૨૦૨૪ના ફાઈનલ સેમેસ્ટર માં ખ્યાતનામ કંપનીઓ જેવી કે Jash Energy Ltd (Sister concern of Adani Group), ACCEL(Air Contol & Chemical Engineering Equipments Ltd, Jay Boxes India, Delta Divin Extrusions Ltd અને Jay Ambe Enterprise જેવી કંપનીઓમાં વિદ્યાર્થીઓની પસંદગી થયેલ છે, જેમાં વિદ્યાર્થીઓ જુદી-જુદી કંપનીમાં પસંદગી પામ્યા છે, તેમજ અમુક વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાની તથા માસ્ટર ડિગ્રી અભ્યાસ ની પસંદગી બતાવેલ છે. સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ કૉલેજ કના ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સેલ દ્વારા અવાર નવાર ભરતી મેળાનું આયોજન થતું રહે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના કેરિયર તથા પેર્સનાલીટી ડેવલપમેન્ટ ઉપર સેમીનાર પણ ગોઠવવામાં આવે છે, જેનો લાભ વિદ્યાર્થીઓને થાય છે. ઔધોગિક ક્ષેત્રે મિકેનિકલ ડિગ્રી એન્જિનિયર્સની વિશેષ માંગ રહેતા સંસ્થા દ્વારા વિવિધ કંપનીઓ નો સંપર્ક કરી વિદ્યાર્થીઓને ઉદ્યોગની માંગ પ્રમાણે તૈયાર કરી કેમ્પસમાંથી જ નોકરી મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આમ ડિપ્લોમા કર્યા પછી ત્રણ વર્ષના અને બારમા ધોરણ પછી ચાર વર્ષના અભ્યાસ ક્રમ બાદ વિદ્યાર્થીઓ કેમ્પસ પ્લેસમેન્ટ થકી કંપનીઓમાં પસંદગી પામે છે અને કુશળ એન્જીનીયર બની દેશની પ્રગતિમાં તેમના યોગદાન દ્વારા ''મેક ઈન ઈન્ડિયા''ના સ્વપન ને સાકાર કરવામાં અમૂલ્ય ફાળો આપે છે. સંસ્થાના ટ્રેનિંગ પ્લેસમેન્ટ સેલના પ્રયત્નોને યુનિવર્સિટીના પ્રેસિડન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ તથા પ્રોવોસ્ટ ડૉ. પી.એમ. ઉદાણી તેમજ સંસ્થાના વડા ડૉ. પી.જે.પટેલ દ્વારા મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના કોઓર્ડીનેટર પ્રોફે. ધવલ એ. પટેલ અને મિકેનિકલ ટીમ ને વિદ્યાર્થીઓના ૧૦૦% પ્લેસમેન્ટ માટે બિરદાવ્યા. તથા વિદ્યાર્થીઓને ઉદ્યોગીક સાહસિક બને તેવો અનુરોધ કર્યો.

દિવ્યાંગ દર્દીઓ સાથે અમદાવાદ ગવર્મેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ મનાવ્યો યોગ દિવસ

કમલમ્ ન્યુઝ, અમદાવાદ,

ગવર્મેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ મેડિસિટી કેમ્પસ અમદાવાદ ખાતે તારીખ ૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં સંસ્થાના સર્વ સ્ટાફ સંસ્થાની ચાર કોલેજો ફિઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, પ્રોસ્થેટીક્સ અને ઓર્થોટીક્સ અને સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કોલેજના વિદ્યાર્થીઓ અને અહીંયા સારવાર લઈ રહેલા દિવ્યાંગ દર્દીઓ તેમજ દર્દીના સગાઓએ આ ઉજવણીમાં ઉત્સાહથી ભાગ લીધેલો સવારે ૮:૦૦ કલાકે યોગ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવેલી ત્યારે અહીંયા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જે હંમેશા દર્દીઓના હેલ્થની અને સામાન્ય માણસોના હેલ્થ નો વિચાર કરતા હોય એવા વિદ્યાર્થીઓ દ્વારા તમામને યોગ વિશેની અને તેના અલગ અલગ લાભ વિશે માહિતગાર કરાવ્યા માં આવેલ ત્યારબાદ વિવિધ પ્રકારના યોગ, સૂર્ય નમસ્કાર અને પ્રાણાયામ તમામ દ્વારા કરવામાં આવેલ અંતમાં ગવર્મેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ ના નિયામક ડોક્ટર પીયુષ મિત્તલ દ્વારા સૌને સૂચન કરવામાં આવેલ કે યોગ વખતે યોગ દિવસના દિવસે જ નહીં કરતા યોગ અને પ્રાણાયામ તમામ લોકોએ પોતાની રોજીંદી ક્રિયાઓના ભાગ તરીકે વણી લેવો જોઈએ અંતમાં યોગ દિવસની ઉજવણી પૂર્ણ કરી સંસ્થા દ્વારા તમામ લોકો માટે નાસ્તાની વ્યવસ્થા કરેલ જે કરી તમામ લોકો એમના પોતપોતાના કામે સમયસર દર્દીઓની કેર માટે લાગીગયેલ.

કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા ડુમસની પી. આર. કોન્ટ્રાકટર કન્યા વિદ્યાલય ખાતે યોગ દિવસ ઉજવાયો

"સ્વયં અને સમાજ માટે યોગ" વિષય પર યોગ નિદર્શન, ચિત્ર અને નિબંધ સ્પર્ધાનાં વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યાં

આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસની વિશ્વભરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા ડુમસ ખાતે આવેલી પી.આર. કોન્ટ્રાકટર કન્યા વિદ્યાલયમાં યોગાભ્યાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં "સ્વયં અને સમાજ માટે યોગ" વિષય પર આયોજિત ચિત્ર, નિબંધ અને યોગનિદર્શન સ્પર્ધાનાં વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. યોગ એ તન-મનનું વિજ્ઞાન છે. શારીરિક-માનસિક સ્વાસ્થ્યની મહત્વની કડી સમાન ભારતની પરંપરાગત યોગવિદ્યાને વિશ્વએ અપનાવી છે. યોગની લોકપ્રિયતામાં વધારો કરવા, સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપી જીવનશૈલીને લગતી વિકૃતિઓને દૂર કરવામાં યોગનું મહત્વ રહેલું છે. માટે જ ૨૧ જૂનના આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ અવસરે ભારત સરકારનાં માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં કેન્દ્રીય સંચાર બ્યુરો, ક્ષેત્રીય કાર્યાલય, સુરત દ્વારા ડુમસની પી આર.કોન્ટ્રાકટર કન્યા વિદ્યાલયમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ શિક્ષિકાઓ મનીષા મોદી, રશ્મી હાડવૈદ્ય અને નિશા મહેતાનાં માર્ગદર્શન હેઠળ શાળાનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ યોગાભ્યાસ કર્યો હતો. આં. રા. યોગ દિવસની ઉજવણીનાં ભાગરૂપે શાળામાં યોજવામાં આવેલી વિવિધ સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ક્ષેત્રીય પ્રચાર અધિકારી ઈન્દ્રવદન સિંહ ઝાલા, માધ્યમિક શાળાનાં આચાર્યા પદ્માબેન પટેલ, પ્રાથમિક શાળાનાં આચાર્યા અલ્પાબેન, ભૂપેન્દ્રસિંહ રાઠોડ સહિતના શિક્ષકો તેમજ રોશન પટેલ અને અમૃતભાઈ સોનેરી ઉપસ્થિત રહ્યા હતાં.

૨૧ જૂન, ૨૦૨૪ NIFT ગાંધીનગરમાં ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો

કમલમ્ ન્યુઝ,

ભારત સરકાર અને NIFT-HO ના નિર્દેશો અનુસાર, NIFT ગાંધીનગર કેમ્પસે ૨૧.૨૦૨૪ના રોજ ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (IDY) ઉજવ્યો હતો. આ કાર્યક્રમ પછી વૃક્ષારોપણની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જે વૃદ્ધિ અને ટકાઉપણુંનું પ્રતીક છે. આ વર્ષની થીમ, "યોગ ફોર સેલ્ફ એન્ડ સોસાયટી", યોગના સર્વગ્રાહી લાભો પર પ્રકાશ પાડે છે. NIFT ગાંધીનગર કેમ્પસના તમામ અધિકારીઓ, ફેકલ્ટી અને સ્ટાફ મેમ્બર્સ અને અમદાવાદમાં ટેક્સટાઈલ કમિશનર ઓફિસના અધિકારીઓએ પ્રમાણભૂત પ્રોટોકોલનું પાલન કરીને યોગ સત્રમાં ભાગ લીધો હતો. એનઆઈએફટી ગાંધીનગરના નિદેશક પ્રો. ડૉ. સમીર સૂદે તમામ સહભાગીઓને શપથ લેવડાવ્યા હતા અને યોગને નિયમિતપણે પ્રેક્ટિસ કરીને જીવનશૈલી તરીકે અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સંયુક્ત રાષ્ટ્રોએ યોગના મહત્વને સ્વીકારીને ૧૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મહાસભાના ૬૯મા સત્ર દરમિયાન એક ઠરાવ પસાર કર્યો હતો, જેમાં ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. યોગ' શબ્દ સંસ્કૃતમાંથી આવ્યો છે, જેનો અર્થ થાય છે જોડાવું અથવા એક થવું, જે શરીર અને ચેતનાના જોડાણનું પ્રતીક છે. ભારતમાં ઉદ્ભવેલી આ પ્રાચીન પ્રથા, વિશ્વભરમાં લોકપ્રિયતામાં સતત વધી રહી છે અને વિવિધ સ્વરૂપોમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. યોગ, એક પરિવર્તનશીલ અભ્યાસ, મન અને શરીરની સુમેળ, વિચાર અને ક્રિયા વચ્ચેનું સંતુલન અને સંયમ અને પરિપૂર્ણતાની એકતાનું પ્રતિનિધિત્વ કરે છે. તે શરીર, મન, આત્મા અને આત્માને એકીકૃત કરે છે, આરોગ્ય અને સુખાકારી માટે એક સર્વગ્રાહી અભિગમ પ્રદાન કરે છે જે આપણા વ્યસ્ત જીવનમાં શાંતિ લાવે છે. યોગની પરિવર્તનની શક્તિને આપણે આ વિશેષ દિવસે ઉજવીએ છીએ. આ વૈશ્વિક માન્યતાનો ઉદ્દેશ યોગની પ્રેક્ટિસના ઘણા ફાયદાઓ વિશે જાગૃતિ લાવવાનો છે. એનઆઈએફટી ગાંધીનગર સંતુલિત અને સુમેળપૂર્ણ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાની ક્ષમતાને માન્યતા આપીને યોગની પ્રથાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

નાગરિકોની આરોગ્ય સુવિધાઓ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ

આહવા સ્થિત સિવિલ હોસ્પિટલની મુલાકાત લેતા નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ, અમરનાથ જગતાપ

છેવાડાના માનવીનો, અને જરૂરિયાતમંદ પ્રજાજનોની આરોગ્ય સુવિધા માટે રાજય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે આહવા સ્થિત સિવિલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાત લીધી હતી. દરમ્યાન સિવિલ હોસ્પિટલના જુદા જુદા વોર્ડની જાત મુલાકાત લેતા, નાયબ દાંડકશ્રીએ અસ્પતાલમાં દાખલ દર્દીઓના ખબર અંતર પણ પૂછ્યા હતા. દર્દીઓને બહેતર સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે આવશ્યક તમામ બાબતોનો ખ્યાલ રાખવાની, સબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપતા શ્રી પટેલે રાજ્ય સરકારની આરોગ્યલક્ષી સેવા અને સુવિધાઓ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલની આ મુલાકાત વેળાએ આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી, આહવાના સરપંચ શ્રી હરિચંદ ભોયે, ઉપસરપંચ શ્રી હરિરામ સાવંત, સુબિર તાલુકા પંચાયતના માજી કારોબારી ચેરમેન શ્રી રતિલાલભાઈ તેમજ ઘોઘલી ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચશ્રી, હોદેદારો, અને તબીબી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૩ જૂન ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલીદાન દિવસ : દેશ અને સમાજ હિતને જ કેન્દ્રમાં રાખી એક નવી જ રાજકીય સંસ્કૃતી જન્માવનાર મહાપુરૂષને શત શત વંદન : ઉદય કાનગડ

ડો. શ્યામાપ્રસાદ મુખરજી કે જેણે કાશ્મીર માટે આપેલા બલિદાન ને યાદ કરી આજની યુવા પેઢીને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તેવી અભિવ્યકિત કરતા ઉદય કાનગડ

દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહની દ્રઢ રાજકિય ઈચ્છાશકિતના પરિણામે કલમ-૩૭૦ રદ થઈ અને ડો. શ્યામાપ્રસાદ મુખરજીનું સપનુ પૂર્ણ થયું

કમલમ્ ન્યુઝ,

જનસંઘના સ્થાપક પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક રાષ્ટ્રને સમર્પિત એવા પ્રખર રાષ્ટ્રભકત ડો.શ્યામાપ્રસાદ મુખરજીનો આવતીકાલે તા.૨૩-જૂન ના રોજ બલિદાન દિવસ છે ત્યારે વિધાનસભા-૬૮(રાજકોટ પૂર્વ)ના ધારાસભ્ય ઉદય કાનગડએ ડો. શ્યામાપ્રસાદ મુખરજીને શત શત નમન કરતા જણાવ્યું હતું કે ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજી એક રાજનિતિજ્ઞ, વિચારક અને દેશભકત હતા. ત્યારે તા.૨૩ જૂન આપણા માટે પ્રેરણાદાયક દિવસ છે. ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજી નો બલિદાનનો દિવસ છે. દેશની એકતા અને અખંડિતતા બધાથી પર છે અને સમાજના વિવિધ તબકકાઓ વચ્ચે અલગ-અલગ માપદંડ અપનાવવામાં ડો. શ્યામાપ્રસાદ મુખરજી માનતા ન હતા. ડો. શ્યામાપ્રસાદ મુખરજી તેના વચન પર હંમેશા અડગ રહયા કે, જમ્મુ-કાશ્મીર ભારતન એક અવિભાજય અંગ છે, તેમણે સિંહગર્જના કરતાં કહયું હતું કે' એક દેશમાં બે વિધાન, બે નિશાન અને બે પ્રધાન નહી ચાલે-નહી ચાલે'. ડો. શ્યામાપ્રસાદ મુખરજી એક અચ્છા શિક્ષણશાસ્ત્રી, ઉતમ વહીવટકર્તા, ઉતમ વકીલ, શ્રેષ્ઠ પાર્લામેન્ટેરીયન, આમૂલ દેશભકિતનું પ્રતિક હતા. ભારતીય જનસંઘના આ સ્થાપક અધ્યક્ષે દેશ અને સમાજ હિતને જ કેન્દ્રમાં રાખતી એક નવી જ રાજકીય સંસ્કૃતી જન્માવી હતી. તેમણે કોઈ મુદે કયારેય પણ રાજકીય સમાધાનો નહોતા કર્યા. સતાનો મોહ એમને કયારેય ડગાવી ન શકયો. તેમણે સ્વાર્થ માટે યથાર્થનું સત્યનો કદી ભોગ નહોતો ચડાવ્યો. ડો. શ્યામાપ્રસાદ મુખરજીનો મંત્ર હતો કે, વિદ્યાર્થીના મનમાં આપણા રાષ્ટ્ર, આપણા ઈતિહાસ, આપણી સંસ્કૃતિ અને સભ્યતા પ્રત્યે શ્રધ્ધા જાગે તેવું શિક્ષણ આપવું જોઈએ. આ શ્રધ્ધાનો આધુનિક યુગના જ્ઞાન, વિજ્ઞાન સાથે મેળ બેસાડીને વિદ્યાર્થીને સમર્થ નાગરિક બનાવવાની અને આપણા ગૌરવમય અતીતને અનુરૂપ ભવ્ય ભારતના નિર્માણ માટે સક્ષમ બનાવવાનો સંકલ્પ હતો. ભારત સ્વતંત્ર થયું ત્યારે પહેલી વચગાળાની (બંધારણ રચાય અને ચૂંટણી થાય તે દરમ્યાનની) સરકારમાં મંત્રી બનવા કોંગ્રેસે તેમને નિમંત્રણ આપ્યું. વિરોધ પક્ષ અને તેમાં પણ હિન્દુ મહાસભાના નેતા હોવા છતાંયે તેમને નિમંત્રણ અપાય તે જ ડો. શ્યામાપ્રસાદ મુખરજીની શ્રેષ્ઠતાનો પુરાવો છે. ૧૯૫૧ની પહેલી ચૂંટણી પછી બનેલી લોકપ્રિય સરકારમાં વિરોધ પક્ષના માન્ય નેતા બન્યા. સૌને સાથે રાખીને દેશની ઉન્નતિ માટે ગઠબંધનનું રાજકારણ શરૂ કરવાનો યશ પણ ડો. શ્યામાપ્રસાદ મુખરજીને જ મળ્યો. ત્યારે એકવાર નાણાંમંત્રી સી.ડી. દેશમુખની એક દરખાસ્તનો જબરજસ્ત વિરોધ થયો અને કોંગ્રેસના સાંસદો પણ મુંગા બેસી રહયા ત્યારે આ દરખાસ્ત શા માટે દેશહિત માટે છે તેની તર્કબધ્ધ દલીલો કરીને વિરોધપક્ષના નેતા તરીકે પણ ડો મુખરજીએ 'આપણી રાજનીતિ દેશ અને પ્રજાની વિરોધી તો ન હોઈ શકે ને ? સરકાર કંઈ પણ સારૂ કામ કરતી હોય તો તેને ટેકો આપવો એ જ દેશહિતમાં ગણાય. સરકારે પણ વિરોધપક્ષની આવી દરખાસ્ત પ્રત્યે સહાનુભુતિનું વલણ જ અખત્યાર કરવું જોઈએ. એ જ સાચી લોકશાહી છે. આ વ્યવસ્થા લોકો માટે છે અને લોકોએ તેમના હિતમાં કામ કરવા આપણને પ્રતિનિધિ રૂપે ચૂંટયા છે' તેમ જણાવી સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ડો. શ્યામાપ્રસાદ મુખરજીનું સ્વપ્ન હતું કે કલમ ૩૭૦ રદ થાય, અને એ માટે જ એમણે બલિદાન આપ્યું હતું. અંતે ડો. મુખરજીનું સપનુ ૭૦ વર્ષો સાકાર થયું. ભારતીય જનતા પાર્ટીની બહુમતીવાળી સરકાર કેન્દ્રમાં આવી. દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી અમિતભાઈ શાહની દ્રઢ રાજકિય ઈચ્છાશકિતના પરિણામે કલમ-૩૭૦ રદ થઈ. અને ડો. શ્યામાપ્રસાદ મુખરજીનું સપનુ પૂર્ણ થયું. સિતેર વર્ષથી દેશ આ ઐતિહાસિક પળની રાહ જોઈ રહયો હતો. કલમ-૩૭૦ રદ કરવાનો નર્ણયિ એ દેશની એકતા અને અખંડિતતા અને દેશહિતમાં લેવાયેલો ઐતિહાસિક નર્ણયિ છે. જમ્મુ-કાશ્મીર અને લદાખ તથા સંપૂર્ણ રાષ્ટ્ર માટે એક મોટો ઐતિહાસિક નર્ણયિ લઈ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈતિહાસ રચ્યો છે. મોદી સરકાર ધ્વારા કલમ-૩૭૦ રદ કરવાનો તેમજ જમ્મુ-કાશ્મીર અને લદાખને બે કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવવાનો નર્ણયિ જે દ્રઢતાથી લીધો એ રાષ્ટ્રની એકતા-અખંડિતતા માટે ઐતિહાસિક સાબિત થશે. જમ્મુ-કાશ્મીર અને લદાખમાં એક નવા યુગની શરૂઆત થઈ છે. હવે દેશના તમામ નાગરિકોના હક એક સરખા છે અને જવાબદારી પણ એક સરખી જ છે. હવે એક દેશમાં બે સંવિધાન અને બે ધ્વજની બાબત ભૂતકાળ બની ગઈ છે. કલમ-૩૭૦ દેશની એકતા અને અખંડિતતામાં બાધક હતી અને એને રદ કરવા માટે જનસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ તેમજ લાખો દેશભકતો, સેંકડો કાર્યકર્તાઓ, હજારો વીરસૈનિકો એ પોતાના પ્રાણની આહુતિ આપી છે તેને શત શત નમન કરતા અંતમાં ઉદય કાનગડએ ડો.શ્યામાપ્રસાદ મુખરજી કે જેણે કાશ્મીર માટે આપેલા બલિદાન દિવસને યાદ કરી આજની યુવા પેઢીને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તેવી અભિવ્યકિત કરી તેમને શબ્દાંજલી અર્પણ કરી હતી.

કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા કેન્દ્રીય વિદ્યાલય દાંતીવાડા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગત કાર્યરત કેન્દ્રીય સંચાર બ્યૂરો, ક્ષેત્રિય કાર્યાલય, પાલનપુર દ્વારા ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે કેન્દ્રીય વિદ્યાલય, દાંતીવાડા ખાતે યોગાભ્યાસનું આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમની સંપૂર્ણ જાણકારી આપતા કેન્દ્રીય સંચાર બ્યુરો પાલનપુરના અધિકારી શ્રી જે.ડી ચૌધરીએ જણાવ્યું હતું કે યોગ દિવસની ભવ્ય ઉજવણી થકી ભારત દેશના નાગરીકો પોતાના તંદુરસ્ત સ્વાસ્થય સાથે સ્વસ્થ સમાજના નિર્માણ માટે અગ્રેસર થાય તેમજ વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને સમગ્ર વિશ્વમાં ચરિતાર્થ કરવા માટે ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રીના સંકલ્પને વિશ્વના ખૂણે ખૂણે સુધી પહોંચાડવા માટે ભારત સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું આયોજન ૨૧ મી જૂનના રોજ કરવામાં આવે છે ત્યારે આ વર્ષની થીમ "સ્વયં અને સમાજ માટે યોગ'' ને ચરિતાર્થ કરવા માટે કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓ, અધ્યાપક ગણ તેમજ વિજય વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ સાથે આમંત્રિત મહેમાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત યોગ તાલીમાર્થીઓ માટે યોગ પ્રોટોકોલ પ્રમાણે કાર્યક્રમનું સંચાલન આર્ટ ઓફ લિવિંગના યોગ ગુરુ શ્રી પ્રકાશ વાસુ દ્વારા કરવામાં આવ્યુ હતું, તેઓની સાથે કેન્દ્રીય વિદ્યાલયના યોગ તજજ્ઞ ઉપસ્થિત રહ્યા હતા. યોગ પ્રોટોકોલ મુજબ યોગાસન, પ્રાણાયામનાં અભ્યાસ કર્યા બાદ ઉપસ્થિત વિદ્યાર્થીઓએ સામૂહિક સૂર્યનમસ્કારનું પ્રદર્શન કર્યુ હતું તેમજ યોગને જીવનનું અભિન્ન અંગ બનાવવા સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે શ્રી સાબરકાંઠા જિલ્લા યુવા પરીવારના કલાકારો દ્વારા નાટિકા પ્રસ્તુત કરવામાં આવી હતી. જેમાં મનોરંજન સાથે યોગનું મહત્વ સમજાવ્યું હતું. યોગ દિવસની ઉજવણી અંતર્ગત જૂન મહિનામાં યોગ પ્રોટોકોલની જાણકારી તેમજ બનાસકાંઠા જિલ્લાના નાગરિકોને યોગની સંપૂર્ણ સમજ આપવા માટે કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર તેમજ ગુજરાત યોગ બોર્ડના સંયુક્ત ઉપક્રમે દાંતીવાડાની પી.એમ શ્રી મોડેલ સ્કૂલ, નિલપુર, શ્રી વિજય વિદ્યામંદિર હાઈસ્કુલ તેમજ કેન્દ્રીય વિદ્યાલય ખાતે વિવિધ સ્પર્ધાઓ જેવી કે યોગાસન સ્પર્ધા, પ્રશ્નમંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું તેમજ વિજેતાઓને આજના કાર્યક્રમમાં ઈનામ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ આયોજનમાં કેન્દ્રીય વિદ્યાલય દાંતીવાડાના આચાર્ય શ્રી અરુણ જોનવાલ, તેમજ પ્રાધ્યાપકો વિજય વિદ્યામંદિર હાઈસ્કુલના ઈ. આચાર્ય શ્રી પ્રભાતભાઈ દેસાઈ તેમજ ઉત્સાહી શિક્ષકગણના સહયોગ દ્વારા કાર્યક્રમ સફળ રહ્યો હતો.

આઈઆઈટી ગાંધીનગરે ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો

કમલમ્ ન્યુઝ,
રોજિંદા જીવનમાં યોગના મહત્વ પર ભાર મૂકતા આઈઆઈટી-ગાંધીન ગરે આજે ૧૦મા આંતર રાષ્ટ્રીય યોગ દિવસની એકત્રિત થઈને ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં વિવિધ શાખાઓના આશરે ૪૦ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધોહતો, જેણે તેને વર્ષના સૌથી નોંધપાત્ર મેળાવડાઓમાંનો એક બનાવ્યો હતો. આ ઉજવણી સંસ્થાના નામાંકિત સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ખાતે યોજવામાં આવી હતી, જયાં આઈઆઈટી ગાંધીનગરના સિનિયર ફેકિલ્ટલટ્રેનિંગ ઈન્સ્ટ્રકટર ડો.દિનેશ પરમારેતેમની પ્રારંભિક ટિપ્પણી સાથેકાર્યવાહીનું ઉદ્ઘાટન કર્યું હતું. રમતવીરોના જીવનમાં યોગના મહત્વને ઉજાગર કરતા ડો.પરમારે સમગ્રતયાવિકાસ માટે તેની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.તેમનાસંબોધન પછીએક ટૂંકી ક્વિઝ આવી હતી જેણે જાગૃતિ ફેલાવી હતી અને વહેલી સવારે ઉત્તેજક શક્તિવર્ધક તરીકે સેવા આપી હતી. જો કે આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સત્તાવાર ઉજવણી કરવામાં આવી રહી છે, પરંતુ યોગલાંબા સમયથી આઈઆઈટીજીએનના સાંસ્કૃતિક તાણાવાણાનું અભિન્ન અંગરહ્યું છે. યોગ પ્રશિક્ષક તુલસા પુજારીની આગેવાની હેઠળની સંસ્થાની સક્રિય યોગ કલબે આઈઆઈટીજીએન સમુદાયમાં આ પ્રથાને પ્રોત્સાહન આપવા માટે અવિશ્વસનીય કાર્ય કર્યું છે. વિવિધ વય જૂથોમાં ફેલાયેલા, કલબનાસભ્યોએઆજે 'કલાત્મક યોગાસન' કર્યા હતા, જેમાંદર્શકોને તેમની ચપળતા અને કૃપાથી મોહિત કર્યા હતા. આ અધિવેશનમાં શ્રી હેમંત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે શારીરિક અને ભાવનાત્મક સુખાકારીને વધારવામાટે રચાયેલા આસનોની શ્રેણી દ્વારા સહભાગીઓનુંનેતૃત્વ કર્યું હતું. શ્રી શાહે દરેક આસનના લાભો, જેમાં પ્રાણી સામ્રાજ્યથી પ્રેરિત લાભોનો પણ સમાવેશથાય છે, તેની વિસ્તૃત સમજણ, યોગ અને કુદરતની વિશ્વ વચ્ચેના ગહન જોડાણને રેખાંકિત કરે છે."સિંહાસન, અથવા લાયન પોઝ, એક ઉત્તમ સ્ટ્રેચબસ્ટર તરીકે કામ કરી શકે છે," શ્રી શાહે કહ્યું. તેમણેઉમેર્યું હતું કે, "તેમાંતમારા શરીરને જે શાંત કરતું નથી, પરંતુ તે વધારાનું ટેન્શન પણ મુક્ત કરે છે,જેનાવિશેતમે જાણતાપણનહીં હોવ." આઈઆઈટીજીએનના સ્પોર્ટસના ફેકલ્ટી ઈન્ચાર્જ પ્રો. અભિજિત મિશ્રાએ સમાપન વક્તવ્ય આપ્યું હતું, જેમણે શિક્ષણવિદો માટે યોગના મહત્વને વર્ણવ્યુંહતું. "

આપણા ફોનનેદૂર રાખીને, આપણે દરરોજ કોઈક પ્રકારના પ્રાણાયામની પ્રેક્ટિસ કરવીજોઈએ. તેએક સ્પષ્ટતાઆપે છેઅને શાંતિ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે જે સંશોધન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. "તેમણેજણાવ્યું હતું.એવા સમયે જ્યારે સેલફોન આપણા જીવનનો એક અવિભાજ્ય ભાગબની ગયા છે, ત્યારે આજની ઉજવણીએ ડિજિટલ ચિંતાઓને તાજગીસિભર પ્રતિસાદ આપ્યો હતો, જેણે દરેકને યોગ દ્વારા સંચાલિત તંદુરસ્ત જીવનશૈલીની સંભાવનાની યાદ અપાવી હતી.

આઈઆઈટીજીએન વિશે: આઈઆઈટી ગાંધીનગર (આઈઆઈટીજીએન)-ની સ્થાપના ૨૦૦૮માં થઈ હતી અને તે ગુજરાતના ગાંધીનગરના પાવરમાં સ્થિતછે. નવીનઅભ્યાસક્રમ સાથે વિશિષ્ટ સ્નાતક અને સ્નાતક શિક્ષણ પ્રદાન કરે છે જે નિર્ણાયક વિચારસરણી, આંતરશાખાકીય જ્ઞાન અનેઉદાર કલાઅભિગમ પર ભાર મૂકે છે. આસંસ્થાની વિદ્યાર્થી-કેન્દ્રિત ફિલસૂફી સુરક્ષિત, પોષણક્ષમ અનેસશકત પર્યાવરણને પ્રોત્સાહન આપે છે, જે પ્રોજેકટલક્ષી શિક્ષણ, ફરજિયાતડિઝાઈન અને જીવન વિજ્ઞાનના અભ્યાસક્રમો અને વૈશ્વિક વિનિમયોને પ્રોત્સાહન આપે છે. આઈઆઈટીજીએનના નવા એડરેજીયુએટ્સમાટેનાપાંચ અઠવાડિયાનાફાઉન્ડેશન પ્રોગ્રામને એન્જિનિયરિંગ એજયુકેશનમાં નવીનતાઓ માટેવર્લ્ડ એજયુકેશન એવોર્ડ ૨૦૧૩ મળ્યો હતો. ૪૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીયઅભ્યાસનો અનુભવ મેળવેછે, જે વિજ્ઞાન, ટેકનોલોજી, માનવતા અને સામાજિક વિજ્ઞાનમાં ઉત્કૃષ્ટતા પ્રત્યે આઈ.આઈ.ટી જીએ ન ની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ભારતનું પ્રથમ પ્લસ્ટર ગૃહ એલડી (ગ્રીન) કેમ્પસ અને ખાદ્ય સુરક્ષા અને આરોગ્યપ્રદ આહાર માટેનું પ્રથમ કાર્બ-સ્ટાર કેમ્પસ તરીકે, આઈઆઈટીજીએનતેના બાંધકામ કાર્યબળ માટે અનુકરણીય સલામતી ધોરણોને પણ સમર્થન આપે છે, જેમાં તમામ આઈઆઈટીમાં દત્તક લેવા માટે આઈઆઈટી કાઉન્સિલ દ્વારા ભલામણ કરવામાં આવેલી પદ્ધતિઓછે. વધુ જાણવામાટે કૃપા કરીને મુલાકાત લો https://www.iitgn.ac.in

કમલમ્ ન્યુઝ,
આણંદ સ્થિત Indi Mac Health care ના ચોથા વર્ષગાંઠનિમિતે આયોજીતકાર્યક્રમમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલેહાજરી આપી.

બાળ કલ્યાણ સમિતિ વડોદરા દ્વારા ધો૧૦-૧૨માં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું કરાયું અભિવાદન

કમલમ્ ન્યુઝ, વડોદરા
બાળ કલ્યાણ સમિતિ વડોદરાના ઉપક્રમેધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે શિલ્ડ વિતરણનો કાર્યક્રમ સમાજ સુરક્ષાસંકુલ ખાતે રાખવામાં આવ્યો હતો. બાળકલ્યાણ સમિતિના ચેરમેન શંકરલાલ ત્રિવેદીના અધ્યક્ષપણા હેઠળ અને સભ્ય શ્રીઓ શ્રીમતી ભારતીબેન બારોટ, ધનશ્યામભાઈ સોલંકી,શ્રી મણિલાલ વાઢાણી અને શ્રી શૈલેષસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી મયંકભાઈ ત્રિવેદી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી અમિતભાઈ વસાવા, સમાજ સુરક્ષા સંકુલના મેનેજર શ્રી મુકેશભાઈ મોદી તેમજ બાળ કલ્યાણ સમિતિના સભ્ય સચિવ પાટૂલબેન પરમારનો પ્રશસ્ય સહયોગ સાંપડ્યો હતો. વડોદરા જિલ્લાના વિવિધ બાળ સંભાળ ગૃહોમાંથી અધિકારો તેમજ ધોરણ ૧૦ અને ૧૨ માં પાસ થયેલા તેજસ્વી તારલાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા આ તમામ બાળકોને ભવિષ્યમાં ભણવામાં વધુ પ્રોત્સાહન મળે તે હેતુથી ચેરપર્સન શ્રી શંકરલાલ ત્રિવેદી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી મયંકભાઈ ત્રિવેદીદ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તમામ બાળકોને શીલ્ડવિતરણનું કાર્યક્રમ હાથ ધરેલ અને તમામ સંસ્થાના બાળકોઅભ્યાસ પ્રત્યે જાગૃત બને તે માટે શૈક્ષણિક કીટવિતરણ કરવા અંગે જાહે રાત કરવામા આવી હતી.સમાજ સુરક્ષા સંકુલની ટીમ તથાસંસ્થાબેન દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી અમિતભાઈ વસાવાએ આભારવિધિકરી હતી.

સી.એમ.પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા યોગ સંવાદની ઉજવણી

કમલમ્ ન્યુઝ,
સી.એમ.પટેલ કોલેજ ઓફ નર્સિંગએન ગુજરાતરાજ્ય યોગબોર્ડ નાસંયુકત ઉપક્રમે દસમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી યોગ સંવાદ દ્વારા કરવામાં આવી હતી.. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ના યોગ કો ઓર્ડીનેટર શ્રી મૌલિકભાઈ બારોટ દ્વારા વિદ્યાર્થીઓને યોગનું મહત્વ અને યોગ કરવાથી થતા ફાયદા તથા યોગિક દિન ચર્યા, આહાર વિહાર, આયુર્વેદ અને મેડિકલ સાયંસ અને યોગ આયુર્વેદના સમન્વયથી સ્વસ્થ સમાજ નિર્માણ કાર્ય કેવી રીતે સંભવિત છે તેનીવિશેષ સમજ આપવામાં આવી. કોલેજના પ્રિન્સિપાલ રાજેશ રાવલ અને વાઈસ પ્રિન્સિપાલશ્રી ભાવિશાબેન પટેલ દ્વારા શ્રી મૌલિકભાઈ બારોટનું સન્માન પુસ્તક આપીને કરવામાં આવ્યુ હતુ. આ યોગ સંવાદ કાર્યક્રમનું સંચાલન કૃપાલી ચોરા દ્વારા કરવામાં આવ્યુ હતું.કોલેજના અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ, ખૂબ જ ઉત્સાહ આનંદથી યોગ સંવાદનો જોડાયા. અને સાચા અર્થે આંતર રાષ્ટ્રીય યોગદિન ની ઉજવણીકરવામાં આવી.

રાજકોટના ઉપલેટા ખાતે સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષતામાં થઈ જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી

પ્રાચીન યોગવિદ્યાનો પ્રભાવ વિશ્વમાં મોટા પ્રમાણમાં પડી રહ્યો છે ત્યારે આપણે પણ તેમાં જોડાઈએ - શ્રી પરશોત્તમભાઈ રૂપાલા

રાજ્યમાં યોગ પ્રવૃત્તિને વ્યાપક બનાવવા માટે રાજ્ય યોગ બોર્ડની સ્થાપના કરાઈ - શ્રીમતિ પ્રવિણાબહેન રંગાણી

કમલમ્ ન્યુઝ, રાજકોટ
રાજકોટમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણીઆજે ઉપલેટાખાતે સંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને કરવામાંઆવી હતી. અહીંની મામલતદાર કચેરી પાસે તાલુકા શાળાના મેદાન ખાતે યોજાયેલા યોગદિવસના કાર્યક્રમમાં આશરે બે હજારથી વધુ લોકો જોડાયા હતા અને યોગમય બન્યા હતા. રાજ્ય યોગબોર્ડના પ્રશિક્ષિત શિક્ષકોએ યોગ બોર્ડના પ્રોટોકોલ પ્રમાણે સર્વને યોગ તથા પ્રાણાયામ કરાવ્યા હતા. આ તકે સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ભારતની ગૌરવશાળી પરંપરા યોગવિદ્યાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા થયો, તેના કારણે ભારતની આ સાંસ્કૃતિક ધરોહર વિશ્વ માનવજાત માટે ઉપયોગમાં આવવાનું શરુથયું તેગૌરવની વાત છે. આ પ્રાચીન વિદ્યાનો પ્રભાવ વિશ્વમાં મોટા પ્રમાણમાં પડી રહ્યો છે ત્યારે આપણે પણ તેનીસાથે વધુ જોડાવાનો પ્રયાસ કરવાની આવશ્યકતા છે. જિલ્લા વહીવટીતંત્રએ જિલ્લા કક્ષાના યોગ કાર્યક્રમના તાલુકા સ્તરે કરેલા આયોજન નેસાંસદશ્રીએ બિરદાવ્યું હતું. આ સાથેનવી પેઢી વધુમાં વધુ યોગવિદ્યા સાથે જોડાઈને સ્વસ્થ બને તેવી અપીલ પણ તેમણે કરી હતી. આ તકે રાજકોટ જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રીમતિ પ્રવિણાબહેન રંગાણીએ સંબોધનમાં જણાવ્યું હતું કે, યોગ એ આપણા ઋષિમુનિઓએ સમગ્ર વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ છે. તેને વિશ્વસ્તરે પહોચાડવા વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૧મી જૂનને યોગ દિવસ તરીકે ઉજવવા યુ.એન.માંપ્રસ્તાવરજૂ કર્યો હતો, ત્યારથી દર વર્ષે ૨૧મીજૂન સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકેઉજવવામાં આવેછે. ગુજરાત રાજ્યમાં યોગ પ્રવૃત્તિને વ્યાપક બનાવવા માટે રાજ્ય યોગ બોર્ડની સ્થાપના કરવામાં આવી છે, આ સાથે ખેલ મહાકુંભમાં પણ યોગને આવરી લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૪ની યોગ દિવસની થીમ "સ્વયં, સમાજ માટે યોગ" નક્કી કરવામાં આવી છે અને ગામથી લઈને મહાનગરો સુધી યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આસાથે યોગને રોજિંદા જીવનમાં અપનાવવાની અપીલ પણ તેમણે કરી હતી. ધોરાજી ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલિયાએ સંબોધનમાં કહ્યું હતું કે, આધુનિક જીવનશૈલીના કારણે આજે લોકો શારીરિક, માનસિક, સામાજિક સહિતની ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, બાળકો યુવાનોમાં મોબાઈલજેવા ગેજેટના ઉપયોગથી તનાવ વધ્યો છે, ત્યારે શરીર અને મનના સ્વાસ્થ્ય માટે યોગ એકમાત્ર ઉપાય છે. યોગ એ શરીર, મન અનેઆત્માને જોડવાની અનોખી પ્રાચીન પદ્ધતિ છે. હજારો વર્ષ પહેલાં ઋષિ પતંજલિએ યોગસૂત્રમાં યોગના જ્ઞાનને રજૂ કર્યું છે. શરીર અને મનને સ્વસ્થ રાખવામાટે નિયમિત રીતે યોગ કરવા પર તેમણે ભાર મુક્યો હતો. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી બનાસકાંઠાના નડાબેટ ખાતે થઈ રહી છે, ત્યારે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ઉદ્‌બોધનનું અહીં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. આકાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશી, જિલ્લા પોલીસવડા શ્રી જયપાલસિંહ રાઠોર, જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, નિવાસી અધિક કલેકટર શ્રી ચેતન ગાંધી, ઉપલેટાપ્રાંતઅધિકારી શ્રી જે. એન. લીખિયા, જિલ્લા રમત ગમત અધિકારી વી.પી. જાડેજા ,જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ઉપલેટા મામલતદારશ્રી એમ.ટી.ધનવાણી, અગ્રણીશ્રી અલ્પેશ ઢોલરિયા તથા રવિમાંકડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

દમણમાં "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસનના તબીબી વિભાગ દ્વારા આજે સવારે ૬.૦૦ વાગ્યાથી મોતી દમણના રામ સેતુ પથ ખાતે આંતરરાષ્ટ્રીય યોગદિવસનો મુખ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ અને લક્ષદ્વીપના માનનીય પ્રશાસક શ્રી પ્રફુલ્લ પટેલે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરીહતી. રામ સેતુ પથના લગભગ ૨ કિલોમીટર ના વિસ્તારમાં યોગ સાધનાના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યુંહતું. એક બાજુ વિશાળ ટીવી છે. મુખ્ય સ્ટેજ પરથી સ્ક્રીન દ્વારા યોગનું જીવંત પ્રસારણ ચાલી રહ્યું હતું, તો બીજી તરફ યોગ પ્રશિક્ષકો વિવિધ સ્થળેબે ઉભા કરાયેલાનાના સ્ટેજ પરથી લોકોને યોગ્ય રીતે યોગ કરવાનું શીખવી રહ્યા હતા. આ પ્રસંગે વહીવટીતંત્ર દ્વારા યોગ સાહકોને ટી-શર્ટઅને યોગમેટ પણ આપવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય યોગદિવસ નિમિતે આયોજિત આકાર્યક્રમમાં ૫૦૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો, જેમાં વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ, તમામ કચેરીઓના વડાઓ, કર્મચારીઓ, રાજ્યના ઘણા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સામેલ હતા. , કોસ્ટ ગાર્ડ, IRB કર્મચારીઓસહિતરાજ્યના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આંતર રાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૪નીથીમ "સ્વયંઅને સમાજ માટે યોગ" રાખવામાં આવી છે. આ થીમ યોગાભ્યાસના બેવડા ફાયદાઓ પર ભાર મૂકે છે એટલે કે 'વ્યક્તિગતસુખાકારીમાં વધારો કરવો' અને 'મોટા પ્રમાણમાં સમાજમાં સુધારો કરવો'. થીમનો હેતુ છે કે આંતરિક શાંતિઅને સ્વ-સંભાળ એ સુખી અને સ્વસ્થ અસ્તિત્વનો આધાર છે. યોગ પ્રેક્ટિશનરોને તેમની લાગણીઓને નિયંત્રિત કરવા, તણાવ ઘટાડવા અને સ્વ-જાગૃતિ વિકસાવવાની કુશળતા આપે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો આ ભવ્ય કાર્યક્રમ રાત્રે લગભગ ૭.૦૦ કલાકે શાંતિના પાઠ અને રાષ્ટ્રગીત સાથે સમાપ્ત થયો હતો.

વલસાડ જિલ્લો બન્યો યોગમય: તિથલ સ્વામિનારાયણ મંદિરે જિલ્લા કક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી

શારીરિક અને માનસિક બિમારીઓને ભગાવવાનું કામ યોગ કરે છે:- સાંસદશ્રી ધવલભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ, વલસાડ

'સ્વયં અને સમાજ માટે યોગ''ના સંદેશ સાથે આજે તારીખ ૨૧ જૂનના રોજ વલસાડના રમણીય તિથલ બીચ પર સ્થિત સ્વામિનારાયણ મંદિરના ડોમમાં વલસાડ-ડાંગના સાંસદશ્રી ધવલભાઈ પટેલની અધ્યક્ષતામાં અંદાજે ૨૦૦૦ જેટલા લોકોએ યોગ, પ્રાણાયામ અને ધ્યાન કરી જિલ્લા કક્ષાના ૧૦માં વિશ્વ યોગ દિવસની શાનદાર ઉજવણી કરી હતી. કાર્યક્રમ દરમિયાન શ્રીનગરથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને નડાબેટથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પ્રેરક સંબોધનનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌ કોઈએ નિહાળ્યું હતું. વિશ્વ યોગ દિવસની સૌને શુભેચ્છા પાઠવી વલસાડના સાંસદ શ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું કે, યોગએ પ્રાચીન કાળથી ઋષિમુનિઓ તરફથી આપણને મળેલી અમૂલ્ય ભેટ છે. અંદાજે પાંચ હજાર વર્ષથી યોગનું પ્રચલન છે પરંતુ તેની વિશ્વ કક્ષાએ નોંધ લેવાઈ ન હતી પરંતુ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુનાઈટેડ નેશન્સની મહાસભામાં વર્ષ ૨૦૧૪માં ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવા માટે પ્રસ્તાવ મૂક્યો અને યુનાઈટેડ નેશન્સની મહાસભાએ આ પ્રસ્તાવનો સ્વીકાર કરી ૨૧ મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો અને ત્યારથી એટલે કે, ૨૧ મી જૂન, ૨૦૧૫ થી દર વર્ષે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરે છે. તા. ૨૧ જૂન જ એટલા માટે પસંદ કરવામાં આવી કે, સમગ્ર વર્ષ દરમિયાન તા. ૨૧ જૂનનો દિવસ સૌથી લાંબો હોય છે. યોગના અભ્યાસ પર વધુ ભાર મુકતા સાંસદશ્રીએ જણાવ્યું કે, દરેક રોગની સમસ્યાઓનું સમાધાન યોગ છે. રોજિંદા નિત્યક્રમમાં યોગને સ્થાન આપી આપણા શરીરને સ્વસ્થ રાખી શકીએ છીએ. યોગએ આપણી વિરાસત છે જે વિરાસત અને વિકાસને જોડે છે. આજના તણાવયુક્ત જીવનમાં શારીરિક અને માનસિક સ્વસ્થતા કેળવવા યોગએ ઉત્તમ માધ્યમ બન્યું છે. સ્વયં અને સમાજને સ્વસ્થ રાખવા માટે યોગ ખૂબ ફાયદાકારક છે, જેથી આવનારી પેઢીને પણ યોગનો વૈશ્વિક સ્તરે બહોળો ફેલાવો કરવા માટે આહવાન કરૂ છું. વધુમાં તેમણે રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે તે બદલ અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સાઉથ ઝોનના કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડેએ સ્ટેજ પરથી જિલ્લા કો-ઓર્ડિનેટર નિલેશ કોસિયા, યોગ કોચ દક્ષા રાઠોડ અને યોગ ટ્રેનર શીતલ ભાનુશાલી સાથે સૌને યોગના વિવિધ આસનો અને પ્રાણાયામ કરાવતા સૌએ વહેલી સવારમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ કર્યો હતો. આ પ્રસંગે વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રીમતી અનસૂયા જહાં, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક ડો. કરણરાજ વાઘેલા, પ્રોબેશનરી આઈએએસ પ્રસન્નજીત કૌર, ડીવાયએસપી ભાર્ગવ પંડ્યા, જિલ્લા રમત ગમત અધિકારી જી.જી.વળવી, જિલ્લા યુવા વિકાસ અધિકારી હેમાલી જોશી અને જિલ્લા રમત વિકાસ અધિકારી અલ્કેશ પટેલ સહિતના મહાનુભાવો અને વિવિધ કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ જવાનો, વિદ્યાર્થીઓ અને નાગરિકોએ મોટી સંખ્યામાં યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, વિશ્વ યોગ દિવસની ઉજવણી વલસાડ જિલ્લાના તમામ તાલુકા કક્ષાએ તેમજ વિવિધ કચેરીઓ, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સબ સેન્ટરો, પોલીસ સ્ટેશનો ખાતે પણ કરવામાં આવી હતી. જેને પગલે વલસાડ જિલ્લો યોગમય બન્યો હતો.

પાદરા તાલુકાના ચાણસદ ખાતે વડોદરા જિલ્લા કક્ષાનો વિશ્વ યોગ દિવસ ઉજવાયો

યોગ એક એવું માધ્યમ છે જે મનુષ્યને આત્મા સાથે જોડે છે:સાંસદશ્રી હેમાંગ જોષી

કમલમ્ ન્યુઝ, વડોદરા,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૧૪ માં સંયુક્ત રાષ્ટ્રો દ્વારા તા. ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે. ત્યારથી સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જુનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે ''સ્વયં અને સમાજ માટે યોગ'' થીમ સાથે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી રહ્યુ છે. જેના ભાગરૂપે વડોદરા નો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ પાદરા તાલુકામાં આવેલા પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજની પવિત્ર જન્મભૂમિ એવા ચાણસદ સ્થિત નારાયણ સરોવર ખાતે યોજાયો હતો. બી.એ.પી.એસ. ના સંતો, પદાધિકારીઓ અને સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોગ દિવસ યોજાતા વહેલી સવારે ખુબજ રમણીય વાતાવરણ ઉભુ થયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લાના ૧૫૦૦ જેટલા લોકોએ એક સાથે યોગાભ્યાસ કરીને યોગને પોતાના જીવનનો એક ભાગ બનાવવા માટે સંકલ્પબદ્ધ થયા હતા. સાંસદ શ્રી હેમાંગ જોષીએ ઉપસ્થિત સર્વને યોગનું મહત્વ સમજાવતા જણાવ્યું કે યોગ એક એવું માધ્યમ છે જે મનુષ્યને આત્મા સાથે જોડે છે. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં યોગ વિશ્વભરમાં પ્રસર્યું છે તથા પશ્ચિમી દેશો પણ યોગને સ્વીકારતા થયા છે. ત્યારબાદ શ્રી જોષીએ ઉપસ્થિત સર્વને યોગને જીવનનો એક ભાગ બનાવવા માટે અપીલ કરી હતી. પાદરા તાલુકાના ધારાસભ્ય શ્રી ચૈતન્ય ઝાલાએ ચાણસદ સ્થિત નારાયણ સરોવર ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી અને વિશેષ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. વધુમાં ઉમેરતાં ધારાસભ્યશ્રી જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ યોગને વૈશ્વિક ઓળખ મળી છે જેના કારણે આજે કરોડો લોકોને યોગા થકી સ્વાસ્થ્યની પ્રેરણા મળી છે. આ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત સર્વે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શ્રીનગર ખાતેથી રાષ્ટ્ર કક્ષાની ઉજવણીનું પ્રજાજોગ સંબોધન અને ગુજરાતમાં નડાબેટ ખાતે યોજાયેલ રાજય કક્ષાની યોગ દિનની ઉજવણી દરમ્યાન મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના સંબોધનનું જીવંત પ્રસારણ પણ નિહાળ્યું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રશિક્ષકો દ્વારા આયુષ મંત્રાલયના નિર્ધારિત પ્રોટોકોલ મુજબ યોગાભ્યાસ કરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે વડોદરા જિલ્લામાં જિલ્લા, તાલુકા, નગરપાલિકા, ગ્રામ્ય, શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓ ખાતે યોગ દિવસના કાર્યક્રમોનું વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જિલ્લાના આઈકોનિક, ધાર્મિક, હેરિટેજ સ્થળોએ પણ નિર્ધારિત પ્રોટોકોલ મુજબ યોગાભ્યાસ કાર્યક્રમો યોજાયા હતા. ચાણસદ નારાયણ સરોવર ખાતે યોજાયેલ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં કલેકટર શ્રી બીજલ શાહ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમતા હિરપરા, જિલ્લા પોલીસ અધિક્ષક રોહન આનંદ સહિત ઉચ્ચ અધિકારીઓ, સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, ગ્રામજનો સહિત શાળાના વિદ્યાર્થીઓ સહભાગી થઈ યોગાભ્યાસમાં જોડાયા હતા.

મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ-વિંછીયા ખાતે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાના રજીસ્ટ્રેશન કેમ્પનો શુભારંભ

વિંછીયા-જસદણ પંથકના ૩૭૦૦ કારીગરોને મળ્યો વિશ્વકર્મા યોજનાનો લાભ: કારીગરોને રજીસ્ટ્રેશન કરવા અનુરોધ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિશ્વકર્મા યોજના થકી નાનામાં નાના કારીગરને વધુ સમર્થ બનાવવામાં આવી રહ્યા છે -મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

કમલમ્ ન્યુઝ, રાજકોટ

ગુજરાતના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સવારે ૧૦:૦૦ કલાકે માર્કેટિંગ યાર્ડ વિંછીયા તથા ૧૧:૦૦ કલાકે જૂના માર્કેટિંગ યાર્ડ, જસદણ ખાતે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાના રજીસ્ટ્રેશન કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જસદણ-વિંછીયા વિસ્તારના લોકોને પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનો લાભ લઈ આત્મનિર્ભર બનવા માટે અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિશ્વકર્મા યોજના થકી નાનામાં નાના કારીગરને પણ પોતાના પરિવારને મદદરૂપ બનવા પોતાની કારીગરીને વધુ વિકસિત કરી વધુ સારી આવક મેળવવા સમર્થ બનાવવામાં આવી રહ્યા છે. વિંછીયા વિસ્તારમાં હાલ સુધીમાં ૨૫૦૦ જેટલા કારીગરોને આ યોજનાનો લાભ મળ્યો છે તો જસદણ વિસ્તારમાં હાલ સુધીમાં ૧૨૦૦ જેટલા કારીગરોની અરજીઓ મંજૂર થઈ ચૂકી છે તેમ છતાં હજુ પણ આ વિસ્તારના નાનામાં નાના કારીગરને આ યોજનાનો લાભ મળે તે માટે આ રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે જ મંત્રીશ્રીએ કન્યા કેળવણી પર ભાર મુકતા અપીલ કરી હતી કે, સરકાર દ્વારા દીકરીઓને વિવિધ યોજના હેઠળ નિ:શુલ્ક અભ્યાસ કરાવવા આવે છે

ત્યારે દીકરીઓ પણ આગળ વધે અને સારૂ શિક્ષણ મેળવે તે માટે લોકો સહકાર આપે, ઉપરાંત આ વિસ્તારના નિરાધાર વૃદ્ધોને પણ મંત્રીશ્રીએ સહાયકારી યોજનાઓના લાભો અપાવવા માટે તત્પરતા દાખવી હતી. વિસ્તારના એક પણ નાગરિકને કોઈ પણ યોજનાના લાભ માટે તમામ પ્રક્રિયામાં સરકારી તંત્ર અને સ્વયં મંત્રીશ્રી સહાયભૂત બની રહ્યા છે ત્યારે લોકો પણ કોઈ પણ જરૂરિયાતમંદ વ્યક્તિને જાણે તો તેને પણ યોજનાઓ વિશે માહિતી આપી "આંગળી ચીંધ્યાનો પુણ્ય કરે" તેવી મંત્રીશ્રીએ અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ વિવિધ ૧૮ કળાના કારીગરોના કૌશલ્યનો વિકાસ કરવામાં આવશે. આ યોજના દ્વારા વિશ્વકર્મા ભાઈ-બહેનોને તબક્કાવાર રૂ ૩,૦૦,૦૦૦/- સુધીની ગેરંટી વગરની લોન, રૂ ૧૫,૦૦૦/- સુધીની ટુલકીટ સહાય, સ્કીલ અપગ્રેડેશન માટે ઉચ્ચ કક્ષાની તાલીમ તથા કારીગરો દ્વારા ઉત્પાદન કરેલ વસ્તુ પર ક્વોલિટી સર્ટીફિકેટનો લાભ મળશે. કારીગરોને તાલીમ દરમ્યાન પ્રતિ દિન રૂ ૫૦૦/-નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.

કેન્દ્રીય કૃષિમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને કઠોળ પાકોનું ઉત્પાદન વધારવા વિડિયો કોન્ફરન્સ યોજાઈ

ગુજરાતમાં કઠોળ પાકોના મૂલ્યવર્ધન ઉત્પાદનની સમીક્ષા કરતા કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ, રાજકોટ

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે કેન્દ્રીય કૃષિમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયેલી વીડિયો કોન્ફરન્સમાં રાજ્યના કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલએ જણાવ્યું હતું કે, ભારત સરકારના કૃષિ વિભાગ સાથે સંકલનમાં રહીને ગુજરાત સરકાર કઠોળ પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરી રહી છે. રાજ્યના ખેડૂતોને ગયા વર્ષે ખુલ્લા બજારમાં કઠોળ પાકોમાં મૂલ્યવૃધ્ધિ અને અધિક ઉત્પાદન મળ્યું છે. રાજ્યમાં ન્યુનત્તમ સમર્થન મૂલ્યથી રૂ. ૪૮૦૦ કરોડના ઉત્પાદન સામે ૯૦૭ મેટ્રિક ટનની ખરીદી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. ખેડૂતોને ખુલ્લા બજારમાં વધારે મૂલ્ય મળે તે માટે રાજ્યમાં ન્યુનત્તમ મર્યાદા ૨૫ ટકાથી વધારીને ૪૦ ટકા કરવાની રજૂઆત રાજ્ય સરકાર વતી મંત્રીશ્રીએ કરી હતી. આ તકે કઠોળના બીજ ઉત્પાદન વધારવાનો ભાર મુકાયો હતો. રાજ્યમાં કઠોળ પાક વધારવા તથા બીજની માંગ વધારવા રાજ્ય સરકારે આ વર્ષે સીડ રિપ્લેસમેન્ટ રેશિયો (જીઇઇ) નામની યોજના અમલમાં મૂકી છે. ગુજરાત રાજ્યમાં ગયા વર્ષે ૫૫ હજારમીની કિટનું વિતરણ લાભાર્થી ખેડૂતોને કરાયું હતું. નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન યોજના હેઠળ ગુજરાતમાં ૩૦ કરોડની સિદ્ધિ ઉપલબ્ધ કરાઈ છે. કઠોળના પાકનું ઉત્પાદન વધારવા રાજ્યમાં "કૃષિ કર્મણ" એવોર્ડનું આયોજન થાય છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સીટીઓએ કઠોળ પાકમાં રોગપ્રતિકારકની નવી ૧૨ વેરાયટીનું સંશોધન કરીને ખેડૂતોને આપ્યું છે. આ વીડિયો કોન્ફરન્સમાં રાજ્યભરની કૃષિ યુનિવર્સિટીઓનો વૈજ્ઞાનિકો, ખેતીવાડી અધિકારીઓ, તથા અન્ય સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ જિલ્લાના વિકાસના કામોની સમીક્ષા બેઠક પ્રભારી મંત્રીશ્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ

અધિકારીઓને લોકોના વિવિધ પ્રશ્નોમાં સંવેદનશીલતા દાખવી નિર્ણયની પ્રક્રિયા ઝડપી કરવા તાકીદ કરતા મંત્રીશ્રી રાઘવજી પટેલ

પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જસદણ - વિછીયા તાલુકાના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા; અધિકારીઓને સમય મર્યાદામાં નિરાકરણ લાવવા તાકીદ કરી

કમલમ્ ન્યુઝ, રાજકોટ

રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લાના વિકાસ કામોની સમીક્ષા બેઠક પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા, પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ ઉપરાંત મંત્રીશ્રીઓના હસ્તે પાંચ લાભાર્થીઓને સનદ વિતરણ (જમીનના હુકમો) કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ૩૦ વર્ષ જૂના પડતર પ્રશ્નોનું મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના સતત ફોલોઅપનાં પગલે સુખદ નિરાકરણ આવ્યું હતું.

આ બેઠકમાં પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે અધિકારીઓને લોકોના વિવિધ પ્રશ્નોમાં સંવેદનશીલતા દાખવી નિર્ણયની પ્રક્રિયા ઝડપી કરી પ્રજાને મદદગાર થવા સૂચના આપી હતી. આ તકે રાજકોટ જિલ્લાના જમીન માપણી, દબાણ, પીવાના પાણી, વીજળી, આરોગ્ય, રસ્તા, તળાવ ઊંડું કરવા, કોઝવે સહિતના પ્રશ્નો રજૂ થયા હતા જેનું તાકીદે નિવારણ લાવવા મંત્રીશ્રીએ અધિકારીઓને તાકીદ કરી હતી. મંત્રીશ્રીએ એ.ટી.વી.ટી.ના કામો ગુણવત્તાસભર રીતે કરવા અને પ્રી-મોનસુનની કામગીરીનું સુચારુ આયોજન કરવાની સૂચના અધિકારીઓને આપી હતી. આ તકે પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જસદણ - વિછીયા તાલુકાના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. ઉપસ્થિત અધિકારીઓને સમય મર્યાદામાં લોકોના આ પ્રશ્નોનું નિરાકરણ લાવવા, અરજદારોને ખોટા ધક્કા ના થાય તેની તકેદારી રાખવા તેમણે સંબંધિત વિભાગોના અધિકારીઓને તાકીદ કરી હતી. પદાધિકારીઓ તથા અરજદારોના પ્રશ્નોની રજૂઆત પી.પી.ટી.ના માધ્યમથી અધિક નીવાસી કલેકટરશ્રી ચેતન ગાંધીએ કરી હતી. તેમજ જિલ્લાના વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા મંત્રીશ્રીએ કરી જરૂરી સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં સાંસદશ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી, કલેકટરશ્રી પ્રભવ જોશી, પોલીસ કમિશનર શ્રી બ્રિજેશ કુમાર ઝા, પોલીસ અધિક્ષકશ્રી જયપાલ સિંહ રાઠોડ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. નવનાથ ગવહાણે સહિતના સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.મનસુખ માંડવિયાએ ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું

યોગ ઉત્તમ સ્વાસ્થ્ય જાળવવા માટે ભારત તરફથી વિશ્વને મળેલી ભેટ છે: કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી

શ્રમ અને રોજગાર મંત્રાલયે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી

કમલમ્ ન્યુઝ,

આરોગ્ય અને સુખાકારીની ઉત્સાહપૂર્ણ ઉજવણીમાં, કેન્દ્રીય શ્રમ અને રોજગાર અને યુવા બાબતો અને રમતગમત મંત્રી, ડૉ. મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું. કેન્દ્રીય શ્રમ અને રોજગાર અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના રાજ્યમંત્રી, સુશ્રી શોભા કરંદલાજે અને સુશ્રી સુમિતા ડાવરા, શ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવ, તેમજ મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સંબોધતા ડૉ.મનસુખ માંડવિયાએ આપણા રોજિંદા જીવનમાં યોગનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારત ઘણી સદીઓથી યોગનું પાલન કરે છે અને ઉત્તમ સ્વાસ્થ્ય જાળવવા માટે યોગ એ ભારત તરફથી વિશ્વને એક ભેટ છે. યોગના વ્યાપક સ્વીકાર પર કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રીએ કહ્યું હતું કે, "યોગ સમગ્ર વિશ્વમાં સ્વીકાર્યતા પ્રાપ્ત કરી રહ્યો છે અને તમામ મનુષ્યોને લાભ પ્રદાન કરી રહ્યો છે." વર્ષ ૨૦૧૫થી દર વર્ષે ૨૧મી જૂને સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ માત્ર યોગની ઉજવણી જ નથી કરતો, પરંતુ ભારતની સંસ્કૃતિ અને વારસાને પણ ઉજાગર કરે છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028